# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

------------------------------------------------------------

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રશિયાના સૌથી પ્રતિષ્ઠિત નાગરિક સન્માનથી સન્માનિત કરાયા.
- ✓ પ્રધાનમંત્રીએ કહ્યું કે, આગામી વર્ષોમાં ભારત અને રશિયાના સંબંધ વધુ ગાઢ બનશે.
- ✓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સહયોગી શિક્ષણ પ્રણાલી બનાવવા સાથે મળીને કામ કરવાનું આહ્વાન કર્યું.
- ✓ હાથરસ દુર્ઘટના મામલે રાજ્ય સરકારે છ અધિકારીઓને ફરજમોકૂફ કર્યા.
- ✓ મધ્ય, ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ ભારતમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી.
- ✓ ચેન્નઈમાં રમાઇ રહેલી મહિલા ટી-20 મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકા સામે ટોસ જીતી બોલીંગ પસંદ કરી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-RUSSIAN-HONOUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રશિયાના સૌથી પ્રતિષ્ઠિત નાગરિક સન્માન 'ઑર્ડર ઑફ સેન્ટ એન્ડ્રુ ધ અપોસલ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતીને શ્રી મોદીને આ પુરસ્કાર અર્પણ કર્યો હતો. આ પુરસ્કાર રશિયા અને ભારત વચ્ચે વિશિષ્ટ વ્યૂહાત્મક ભાગીદારી અને મૈત્રીપૂર્ણ જોડાણ વિક્સાવવામાં શ્રી મોદીનાં વિશેષ પ્રદાનને માન્યતા આપે છે. રશિયાના પ્રથમ ધર્મ પ્રચારક અને સંત એન્ડ્રુની સ્મૃતિમાં વર્ષ 1968માં આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.

.................

# PM MODI MEETS RUSSIA PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, આગામી વર્ષોમાં ભારત અને રશિયાના સંબંધ વધુ ગાઢ બનશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની મુલાકાત દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે, લગભગ 10 વર્ષમાં તેમની 17 વખત મુલાકાત થઈ છે. પ્રધાનમંત્રીએ બંને દેશના સંબંધ અંગે વાત કરતા આ મુજબ જણાવ્યું....

## (બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

દરમિયાન શ્રી પુતિને યુક્રેનમાં સંઘર્ષનો અંત લાવવા ઉકેલ શોધવાના પ્રયાસો કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. તેમની દ્વિપક્ષીય બેઠક

દરમિયાન શ્રી મોદીએ પ્રદેશમાં શાંતિ સ્થાપિત કરવા કોઈ પણ સંભવિત રીતે મોસ્કોને મદદ કરવા ભારતની તૈયારીનો પુનઃરોચ્ચાર કર્યો હતો.

શ્રી મોદીએ કહ્યું કે, છેલ્લા 40થી 50 વર્ષમાં ભારત આતંકવાદનો સામનો કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ દરેક પ્રકારના આતંકવાદની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ગત પાંચ વર્ષમાં કૉવિડ મહામારીના કારણે સમગ્ર વિશ્વએ અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. શ્રી મોદીએ ભારત-રશિયા સહયોગના વખાણ કરતા કહ્યું કે, આનાથી ભારતીય ખેડૂતો અને ભારતીય ગ્રાહકોને મદદ મળી છે.

પ્રધાનમંત્રીએ ઉંમેર્યું કે, જ્યારે વિશ્વ ઈંધણના પડકારનો સામનો કરી રહ્યું હતું. ત્યારે રશિયાના સમર્થનથી ભારતને પેટ્રૉલ અને ડીઝલની જરૂરિયાતને પૂર્ણ કરવામાં મદદ મળી. શ્રી મોદીએ કહ્યું, વિશ્વએ સ્વીકારવું જોઈએ કે, ઈંધણ અંગે ભારત-રશિયાની સમજૂતીએ આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિરતા લાવવામાં મોટી ભૂમિકા ભજવી છે.

.................

## *MODI RUSSIAN EXHIBITION CENTRE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મોસ્કો ખાતે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે “ઑલ રશિયન પ્રદર્શન કેન્દ્ર”ની મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ પ્રદર્શન કેન્દ્રમાં રોસાટૉમ પેવેલિયનની પણ નુલાકાત લીધી હતી.

શ્રી મોદીએ નાગરિક પરમાણુ ઊર્જા ક્ષેત્રે ભારત-રશિયા સહયોગ પર એક તસવીર પ્રદર્શન પણ નીહાળ્યું હતું. શ્રી મોદી “પરમાણુ સિમ્ફની” પણ ગયા, જે **VVER**

– એક હજાર રિએક્ટરનું એક ટકાઉ કાર્યકારી મોડેલ છે. તેમ જ ભારતમાં કુડનકુલમ પરમાણુ ઊર્જા પ્લાન્ટનું મુખ્ય કેન્દ્ર છે.

પ્રધાનમંત્રી મોદીએ ભારતીય અને રશિયાના વિદ્યાર્થીઓના એક સમુહ સાથે સંવાદ પણ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલૉજી ક્ષેત્રે ભવિષ્યની સંભાવનાઓ માટે પ્રોત્સાહિત કર્યા હતા. રોસાટૉમ મંડપ વૈજ્ઞાનિક અને ટેકનોલૉજી વિકાસના ઇતિહાસ પર સૌથી મોટા પ્રદર્શનોમાંથી એક છે. આનું ઉદ્ઘાટન નવેમ્બર 2023માં કરાયું હતું.

.................

## PM TOMB OF SOLDIERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રશિયાના મોસ્કોમાં અનામી જવાનના સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. અજાણ્યા જવાનની સમાધિ મોસ્કોની ક્રેમલિન દિવાલ પર આવેલું એક યુદ્ધ સ્મારક છે. આ એ સૌવિયત જવાનોને સમર્પિત છે, જેમણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોતાના જીવ ગુમાવ્યા હતા.

.................

## DHARMENDRA PRADHAN SHIKSHAN NITI

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સહયોગી શિક્ષણ પ્રણાલી બનાવવા માટે સાથે મળીને કામ કરવાનું આહ્વાન કર્યું છે. શ્રી પ્રધાને આજે નવી દિલ્હી ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે શાળાના શિક્ષણ અને સાક્ષરતા વિભાગની સમીક્ષા બેઠકના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કર્યું. તેમણે શાળાના શિક્ષણના સમગ્ર વિકાસ માટે આગામી પાંચ વર્ષની પદ્ધતિ પર પોતાના વિચાર રજૂ કર્યા હતા.

શ્રી પ્રધાને કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના અભિગમનો મુખ્ય સ્તંભ શિક્ષણ છે. શ્રી પ્રધાને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવાનું આહ્વાન કર્યું છે.

શ્રી પ્રધાને કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ દેશને એક જ્ઞાન મહાશક્તિમાં બદલવા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુધી સમાન અને સમાવેશી પહોંચને સક્ષમ કરવાની ચાવી છે. ભારતીય ભાષાઓમાં શિક્ષણ અંગે શ્રી પ્રધાને કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 માતૃભાષા અને તમામ ભારતીય ભાષાઓમાં શિક્ષણના મહત્વ પર ભાર આપે છે.

.................

## *HATHRAS ARREST*

ઉત્તરપ્રદેશના હાથરસમાં નાસભાગ મામલાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડી- SITએ આપેલા અહેવાલ બાદ રાજ્ય સરકારે છ અધિકારીઓને

ફરજમોકૂફ કર્યા છે. વિશેષ તપાસ ટુકડીએ અહેવાલમાં લખ્યું કે, ઘટના પાછળનું મુખ્ય કારણ કાર્યક્રમના આયોજકની બેદરકારી છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, SITના અહેવાલમાં સ્થાનિક તંત્રને જવાબદાર બતાવવામાં આવ્યું છે. 2 સભ્યની વિશેષ તપાસ ટુકડીએ એ પણ કહ્યું કે, દુર્ઘટનામાં ષડયંત્ર થયું હોવાની વાતને પણ નકારી ન શકાય, પરંતુ આ માટે ઊંડાણપૂર્વકની તપાસ જરૂરી છે. કાર્યક્રમના આયોજકે એકત્રિત ભીડ માટે યોગ્ય વ્યવસ્થા ન કરી.

ટુકડીએ 2, 3 અને 5 જુલાઈએ ઘટનાસ્થળ પર પહોંચી 125 લોકોની પૂછપરછ કરી અહેવાલ સરકારને આપ્યો છે. આ અહેવાલના આધારે સરકારે સિકન્દરા રાઉના જિલ્લા નાયબ કમિશનર, મામલતદાર, વર્તુળ અધિકારી, S.O. અને 2 અન્ય પોલીસ અધિકારીને ફરજમોકૂફ કર્યા છે.

.................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . .

# IMD- WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન મધ્ય, ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વ ભારતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, બિહાર, અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં પણ આગામી 12 જુલાઇ સુધી ભારે વરસાદની સંભાવના છે.

દરમિયાન પશ્ચિમ બંગાળના કાંઠા વિસ્તાર, ઝારખંડ, ઓડિશામાં આગામી પાંચ દિવસમાં હળવાથી મધ્ય વરસાદની શક્યતા છે. જ્યારે ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં ભારે વરસાદની આશંકા છે. દરમિયાન ગુજરાત, ગોવા, કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર તેમ જ કર્ણાટકના તટિય વિસ્તારોમાં મધ્યથી ભારે વરસાદ વરસી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND CM

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આજે રાજ્યના કુમાઉં ખાતે પૂર અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ અને જમીન અવલોકન કર્યું. સાત અને આઠ જુલાઈએ મુશળધાર વરસાદના કારણે ઉધમસિંહ નગર અને ચંપાવત જિલ્લાના કેટલાક સ્થળ પર પાણી ભરાઈ જવાના કારણે પૂર જેવી સ્થિતિ બની છે.

એક હજાર 400થી વધુ લોકોને ઉધમસિંહનગરના સિતારગંજ અને ખાતીમા તાલુકાના કેટલાક સ્થળ પરથી તો 150 પરિવારના 400 લોકોને ચંપાવત જિલ્લાના પૂર્ણાગિરિથી સલામત સ્થળ પર ખસેડવામાં આવ્યા છે. અત્યાર સુધી આ વિસ્તારના 120 અસરગ્રસ્ત લોકોને કુલ 6 લાખ રૂપિયાની સહાય રકમ ચૂકવવામાં આવી છે.

દરમિયાન હવામાન વિભાગે આવતીકાલે રાજ્યના કેટલાક ભાગમાં ભારે વરસાદ માટેનું યલો અલર્ટ આપ્યું છે.

.................

## *ASSAM POOR SAMIKSHA*

કેન્દ્રીય ઊર્જા, આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે આજે ગુવાહાટીમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આસામના પૂર અસરગ્રસ્ત વિસ્તાર માટે રાહત અને પુનઃર્વસન માટે ટૂંક જ સમયમાં એક પેકેજની જાહેરાત કરશે. ઉત્તર-પૂર્વ ક્ષેત્રના રાજ્યોમાં વિજળી અને શહેરી મંત્રીઓની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ પત્રકારો સાથેના સંવાદમાં શ્રી લાલે કહ્યું કે, કેન્દ્ર સરકાર આસામના પૂર અસરગ્રસ્ત લોકોની મદદ માટે પ્રતિબદ્ધ છે.

.................

## IND-SA-WOMEN-CRICKET

ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં અત્યારે ભારત અને દક્ષિણ આફ્રિકા મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે શ્રેણીની ત્રીજી અને અંતિમ T-20ની મેચ રમાઇ રહી છે. ભારતે ટોસ જીતી બોલિંગ કરવાનું પસંદ કર્યું છે. હાલમાં મળતા અહેવાલ મુજબ દક્ષિણ આફ્રિકાની ટીમે 10 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 57 રન બનાવ્યા છે. ભારત તરફથી પૂજા વસ્ત્રાકર, શ્રેયંકા પાટીલ, અને દિપ્તી શર્માએ એક-એક વિકેટ લીધી છે.

દક્ષિણ આફ્રિકા પ્રથમ મેચ 12 રને જીત્યા બાદ આ શ્રેણીમાં 1-0થી આગળ છે. જ્યારે બીજી મેચ વરસાદના કારણે રદ કરવામાં આવી હતી. હરમનપ્રીત કૌરનાં નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ આ મેચ જીતીને શ્રેણીમાં બરાબરી કરવાનો પ્રયાસ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## *US LANDFALL*

સંયુક્ત રાષ્ટ્ર – **U.S.**ના દક્ષિણ-પૂર્વ ટેક્સાસ અને લુઈસિઆનામાં વાવાઝોડા હરિકેન બેરિલની અસરના કારણે આઠ લોકોએ જીવ ગુમાવ્યાના અહેવાલ છે. આ વાવાઝોડાના કારણે ત્રીસ લાખ જેટલા ઘરમાં વીજ પૂરવઠો ખોરવાઈ ગયો હતો. બેરિલનું શ્રેણી એક હરિકેન વાવાઝોડું ગઈકાલે સવારે દક્ષિણ ભાગમાં ટકરાયું હતું, પરંતુ ત્યારબાદ વાવાઝોડું તાત્કાલિક શાંત પડી ગયું હતું. સ્થાનિક માધ્યમોના અહેવાલ મુજબ, હ્યુસ્ટોનના પ્રાથમિક વિમાનમથકની લગભગ એક હજાર 100 જેટલી ફ્લાઈટ્સને રદ કરવી પડી હતી. હ્યુસ્ટન નીચાણવાળા દરિયાકાંઠાના શહેર હોવાના કારણે ત્યાં પૂરનું જોખમ રહે છે.

.................